ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૫ ટકા

# કોરોના દિવાળીમાં ડ્રાયફ્રુટ ચોકલેટ ગિફ્ટ બોક્સ ટ્રેન્ડમાં

## દિવાળીમાં ક્રેકર્સ ચોકલેટ, કોવિડ સ્પેશિયલ સ્વીટ અને મોનેકો ચોકલેટસના ગીફ્ટ બોક્સ હોટ ફેવરીટ




ગાંધીનગર, તા.૫

દિવાળીને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે શહેરમાં દિવાળી ગીફટસ તથા મીઠાઈઓ બનવાની શરૂ થઈ ગઈ છે. આ વર્ષે દિવાળી ગીફટસમાં પ્યોર મીઠાઈની જગ્યાએ ડ્રાયફ્રુટસ તથા ડ્રાયફ્રુટ ચોકલેટ આપવાનો ક્રેઝ વધ્યો છે. આ સાથે બાળકો માટે ક્રેકર્સ ચોકલેટ આ વર્ષે ટ્રેન્ડમાં છે અને નવીનતામાં મોનેકો ચોકલેટસ અને કોવિડ સ્પેશિયલ ચોકલેટ શહેરમાં આવ્યા છે.

દિવાળીના તહેવારમાં એકબીજાને ઘરે જવાય ન જવાય ભેટની આપ-લે જરૂરથી થતી હોય છે. તેમાંય આ વખતે કોરોનાને કારણે એકબીજાના ઘરે જવાનું ટાળતા શહેરીજનો શુભેચ્છા પેટે ગીફટસ મોકલવાનો આગ્રહ રાખી રહ્યા છે તેમાંય હોમમેડ ગીફટસનો ક્રેઝ વધુ છે. શહેરના કવિતા કોટક કે જે હોમમેડ ચોકલેટ ગીફટ તથા હેમ્પર બનાવવાના વેપાર સાથે જોડાયેલા છે તેમને આ વિશે પૂછતા તેઓ જણાવે છે કે આ વર્ષે કોવિડને કારણે અમે કોવિડ સ્પેશિયલ ચોકલેટ લડ્ડુ બનાવ્યા છે. જેમાં ચોકલેટ સાથે સુંઠ, આદુ, તુલસી જેવી ઔષધીનો પાવડર મીકસ કરવામાં આવે છે. આ ઉપરાંત મોનેકો ચોકલેટસ આ વર્ષે નવા બનાવ્યા છે અને નાના બાળકો જે ફટાકડા ન ફોડી શકે તેમના માટે ક્રેકર્સ ચોકલેટ બનાવી છે જે હાલ બાળકોના ગીફટ હેમ્પર્સ માટે ટ્રેન્ડમાં છે.

માર્કેટમાં પણ ડ્રાયફ્રુટ બોકસ આવી ગયા છે. જે વર્ષોવર્ષથી કોર્પોરેટ અને હોમ દિવાળી ગીફટ તરીકે અપાતા આવ્યા છે પરંતુ હવે અલગ અલગ ફ્લેવરના ચોકલેટ ગીફટસનો ક્રેઝ વધતો જોવા મળી રહ્યો છે. જેમાં બટરસ્કોચ, ડ્રાયફ્રુટ, ખજૂર, રોસ્ટેડ આલ્મંડ, કેનબેરીઝ, ઓરિયો, ચોકો ચીપ્સ જેવા ફ્લેવર વાળા ચોકલેટ બોકસ ડિમાન્ડમાં છે અને આમાં આ વર્ષે ડ્રાયફ્રુટસનો ઉમેરો થયો છે. તમામ ચોકલેટમાં ગ્રાહકો ડ્રાયફ્રુટસ ઉમેરી કસ્ટમાઈઝ કરાવી રહ્યા છે. ક્રેકર્સ ચોકલેટમાં ફટાકડાના પ્રકાર જેવી ચોકલેટ જેમ કે કોઠી, રોકેટ, લાદી બોમ્બ, સુતળી બોમ્બ, લક્ષ્મી બોમ્બ જેવા ફટાકડાના શેપમાં ચોકલેટ બને છે જે બાળકોને ખૂબ પસંદ પડશે.

આ તમામ ગીફટ બોકસ ૧૦૦ રૂપિયાથી ૨૫૦૦ રૂપિયા સુધીમાં બને છે. આ ગીફટ બોકસમાં આ વર્ષે તમામ બોકસ માટે રીયુઝ થઈ શકે તેવા પેપર બોકસ, જાર બોટલ, બાસ્કેટ અને ટ્રન્કનો શહેરીજનો આગ્રહ રાખી રહ્યા છે.

# ચિલોડા બ્રીજ પરથી યુવકે મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૫

સેક્ટર-૨૪ ખાતે રહેતા યુવકે સે-૩૦ પાસેના બ્રીજ પરથી નદીમાં કુદીને આપઘાત કર્યો છે. ૩૦ વર્ષીય યુવક સવારે નોકરી જવાનું કહીને બાઈક લઈને નીકળ્યો હતો. જે બાદ બપોરે બ્રીજ પાસે પોતાનું બાઈક અને ઓળખકાર્ડ મુકીને તે કૂદી ગયો હતો. યુવકના મોતને પગલે સે-૨૧ પોલીસે અકસ્માતે મોતના ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. જો કે યુવકે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી સામે આવ્યું નથી. મૃતક કૌશલભાઈ સુરેશચંદ્ર સેવક સે-૨૪ સત્યમ એપાર્ટમેન્ટમાં મકાન નં-M/૪૦/૪૭૦ ખાતે પરિવાર સાથે રહેતો હતો. તે નરોડાની લુબી કંપનીમાં નોકરી કરતો હતો, જેમાં કોરોના સંક્રમણને પગલે તે એક-એક દિવસના ગેપમાં નોકરી જતો હતો. ગુરૂવારે સવારે સાડા દશ વાગ્યે પણ તે નિત્યક્રમ મુજબ બાઈક લઈને નોકરી જવા માટે નિકળ્યો હતો. જો કે અંગત કારણોસર તે સે-૩૦ પાસે સાબરમતી નદી પરના બ્રીજ પર પહોંચ્યો હતો. તેણે બ્રીજ પાસે બાઈક અને પોતાના ઓળખનો પુરાવો મુકીને બ્રીજ પરથી નદીમાં છલાંગ મારી દીધી હતી.



આ સમયે યુવકને જોઈ ગયેલા લોકોએ આ અંગે પોલીસ અને ફાયરબ્રિગેડને જાણ કરી હતી. જેને પગલે સેક્ટર-૨૧ પોલીસ અને ફાયરના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલી યુવકની લાશનો શોધીને કાઢી હતી. બીજી તરફ પોલીસે તેના ઓળખના પુરાવાના આધારે પરિવારને જાણ કરી હતી.

ઘટનાને પગલે સે-૨૧ પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવીને અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. પરિવારની પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. મૃતકના પરિવાર માતા-પિતા અને પત્ની છે, યુવકના મોતને પગલે પરિવાર ભાંગી પડ્યો હતો.

# જાગૃત નાગરિક પરિષદ દ્વારા ફટાકડા ફોડવાના નિયમો જાહેર કરવા અંગે અપીલ

ગાંધીનગર, તા.૫

સમગ્ર ગુજરાતના શહેરમાં વાયુ પ્રદૂષણનો દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. જયારે દિવાળી આવવાથી ફટાકડા ફુટશે અને વાયુ પ્રદૂષણ થશે અને આ વર્ષે કોરોનાને કારણે ફટાકડાના ધૂમાડાથી બિમાર પડવાનો ભય રહેલો છે ત્યારે ગાંધીનગર જાગૃત નાગરિક પરીષદ દ્વારા આગામી તહેવારો દરમિયાન ધુમાડો ફેલાવતા ફટાકડા ફોડવા પર નિયંત્રણ લાદવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની યોજાયેલ મીટીંગમાં અધ્યક્ષ જયોતિન્દ્રભઈ દવેના જણાવ્યા અનુસાર જેમ રાજસ્થાન, દિલ્હી જેવા રાજયોમાં આગામી તહેવારો નિમિત્તે ફટાકડા ફોડવા માટે નિયંત્રણ લાદવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તેમ ગુજરાત રાજયમાં પણ પર્યાવરણને નુકશાનકારક ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદવામાં આવવો જોઈએ.

આ વિષયક વર્ચ્યુઅલ બેઠકમાં ઉપસ્થિત જયોતિન્દ્રભાઈ દવે તથા સભ્યો એચ.બી. વરિયા, વાગ્મિનભાઈ બૂચ, પ્રો. રવિન્દ્રભાઈ દવે, સુમંતભાઈ શાહ, રાજેન્દ્રભાઈ પારેખ, લક્ષ્મણસિંહ રાજપુત, કુસુમબેન જોશી દ્વારા મહત્વના સૂચનો કરવામાં આવ્યા હતા. જેમ કે ઓછા ધુમાડાવાળા અને બાળકો માટેના જ ફટાકડા માટે છુટ આપવી, કોવિડ કેર હોસ્પિટલના ૫૦૦ મીટર વ્યાસના અંતરના વિસ્તારમાં ફટાકડા ફોડવાની મનાઈ કરવી, કોરોના દર્દીઓ હોય તેવા ઘરોની આસપાસ ૨૦૦ મીટરના અંતરમાં ફટાકડા ન ફોડવા. આ નિયમો ઉપરાંત રાત્રિના ૮ થી ૧૦ સુધીના સમયમાં જ ફટાકડા ફુટે તે નિયમનું પાલન કરવું જોઈએ તથા જાણકાર ડોકટરો દ્વારા પલ્મોનરી એન્ડ લંગ્ઝને લગતા દર્દીઓએ આ દિવસે ધૂમાડાથી બચવા કાળજી લેવાની માર્ગદર્શિકા બહાર પાડવી તથા નિયમ પ્રતિબંધોના ભંગ માટે ભારે દંડની જાહેરાત કરવી.

# ગાંધીનગર જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે "Play At Home" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

## ગાંધીનગર જિલ્લાના બાળકો "Play At Home" વિષય પરના ચિત્રો તા. ૨૩ નવેમ્બરથી તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી મોકલી શકાશે

ગાંધીનગર, તા.૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગર જિલ્લા રમતગમત કચેરી અને ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે "Play At Home" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. તેમના ચિત્રો તા. ૨૩ નવેમ્બર થી તા.૧૧ ડિસેમ્બર, ૨૦૨૦ દરમ્યાન મોકલી આપવાના રહેશે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ A4 સાઈઝના (8.3"x 11.7") ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા.૨૩/૧૧/૨૦૨૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી ત્રણ – ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલાભવન, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/- (પ્રત્યેકને) મુજન આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધામાં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા.૧૧/૧૨/૨૦૨૦ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત કચેરી, સહયોગ સંકુલ, "સી" વિંગ, પથિકાશ્રમ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારીને પહોચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ – https://youthofficergandhinagar.wordpress.com પરથી અને કચેરી પરથી મેળવી શકાશે.

# સે-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં પાર્કિંગની સમસ્યાએ માઝા મૂકી

## તહેવારોના કારણે મુલાકાતીઓનો ધસારો વધતા ટ્રાફિક જામ સાથે આડેધડ પાર્કિંગની પણ સમસ્યા : ફુટપાથ સંલગ્ન પાર્કિંગમાં દબાણોએ સમસ્યા વકરાવી

ગાંધીનગર, તા.૫

શહેરના અતિ વ્યસ્ત ગણાતા સેકટર-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર વિસ્તારમાં પાર્કિંગની સમસ્યાએ માઝા મુકી છે. આ વિસ્તારમાં તંત્ર દ્વારા પાર્કિંગ લોટ વિકસાવવાની પ્રક્રિયા ચાલી રહી છે પરંતુ અહીં વાહનોનો જે રીતે ધસારો રહે છે તેના પ્રમાણમાં આ વ્યવસ્થા અપૂરતી સાબિત થશે તેવું જણાઈ રહ્યું છે.

ગાંધીનગરના સેકટર-૨૧માં ડિસ્ટ્રીકટ સોપીંગ સેન્ટર ખાતે દિવસેને દિવસે ટ્રાફિકમાં વધારા સાથે વાહનપાર્કિંગની સમસ્યા તંત્ર માટે માથાનો દુ:ખાવો બની રહી છે. આ વિસ્તારમાં અત્યારે વિકસાવેલા મોજુદ પાર્કિંગ લોટ પણ ઓછા પડી રહ્યા છે અને ફુટપાથને સંલગ્ન જે પાર્કિંગ વ્યવસ્થાનું કાર્ય ચાલી રહ્યું છે તેમાં દબાણોની સમસ્યાને કારણે તે પણ અપૂરતી સુવિધા સાબિત થઈ રહી છે. હાલ તહેવારોના પગલે ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં ગ્રાહકોનો ધસારો વધી રહ્યો છે અને તે સાથે જ વાહનોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં જોવા મળી રહી છે. આ સ્થિતિમાં આ વિસ્તારના સાંકડા માર્ગો પર વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ તો સર્જાઈ રહી જ છે તે સાથે પાર્કિંગ વ્યવસ્થા અપૂરતી હોવાને પગલે વાહનોના આડેધડ પાર્કિંગની સમસ્યા પણ વકરવા પામી રહી છે. વળી, આ વિસ્તારમાં જયાં ફુટપાથ સંલગ્ન પાર્કિંગ વ્યવસ્થા છે તેમાં ગેરકાયદેસર દબાણોનો રાફડો છે જે માટે તંત્ર દ્વારા અવારનવાર દેખાવ પુરતી કાર્યવાહી કરાય છે પરંતુ કડક હાથે દબાણો હટાવવામાં હજુ પણ તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. અગાઉ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં જે ફુવારા શહેરની શાન હતા તેને હટાવીને પાર્કિંગ ઝોન વધારવાની યોજનાઓ અંગે વિચારણા કરાઈ હતી પરંતુ તે યોજનાનું શું થયું તે હાલ તો કળવું મુશ્કેલ છે.

# સરકારી ઈજનેરી કોલેજ સે-૨૮ ખાતે '૨૧મી સદીની મહિલાઓનું વિશ્લેષણ' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૫

હાલમાં જયારે વિશ્વમાં દરેક સ્તરે મહિલા સશક્તિકરણ થઈ રહ્યું છે તેવા સમયમાં ઈજનેરી સંસ્થાઓના ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓને હાલમાં ૨૧ મી સદીની મહિલાઓને અસર કરતા પરિબળોનું વિશ્લેષણ કરવા હેતુથી વુમન ડેવેલોપમેન્ટ સેલ, સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર દ્વારા, તાજેતરમાં "SWOT Analysis of 21st Century Women" વિષય પર તા. ૨૨-૧૦-૨૦૨૦ ગુરૂવારના રોજ ઓનલાઈન વ્યાખ્યાનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગરના વિવિધ ઈજનેરી વિભાગના મહિલા ફેકલ્ટી તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૨૧ મી સદીની મહિલાઓનું વિશ્લેષણ આધારિત આ વ્યાખ્યાનમાં વિષય નિષ્ણાત તરીકે એસ. પી. યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગરથી ડો. પારૂલ પોપટ એ વ્યાખ્યાન આપ્યું હતું અને વિશ્લેષણમાં જણાવ્યું હતું કે સ્ત્રીઓએ તેમની ભૂમિકા અને ક્ષમતાઓ વિશે પરંપરાગત ધારણાઓ સ્થાનાંતરિત કરી છે ત્યાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે અને તે વધુ સારું રહ્યું છે.

# દારૂના કેસમાં વોન્ટેડ આરોપી સેકટર-૨૮માંથી ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલી જીઈબી કોલોની ખાતેથી ૨૮ બોટલ દારૂ ઝડપાયો હતો. આ કેસમાં વોન્ટેડ આરોપીને એલસીબી-૨ પોલીસે દબોચી લીધો છે. પોલીસે ચાર કે પાંચ માસ પહેલા જીઈબી કોલોનીમાં કારમાંથી વિદેશી દારૂની ૨૮ બોટલ પકડી પાડી હતી. જે સમયે જીઈબી ટાઈપ-૩ બ્લોક નં.૧૭-૨ ખાતે રહેતો અમરસિંહ કિશોરસિંહ ગોહિલ તેમજ બ્લોક નં.૧૯-૨ ખાતે રહેતો આદીફખાન હબીબખાન શેખ પોલીસના હાથમાં આવી ગયા હતા. તેમને દારૂ અંગે પુછતા યુવકોએ પેથાપુર સંજરીપાર્ક સોસાયટી ખાતે રહેતા ઈમરાન ઉર્ફે અભિ ઈનાયતખાન સમા તેમજ કોલવડા ગામનો નરેશ રાવળ આપી ગયો હોવાનું જણાવ્યું હતું. ત્યારે મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન કોન્સ્ટેબલ ભવાનસિંહ અને રવિન્દ્રસિંહને વોન્ટેડ આરોપી ઈમરાન અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સેકટર-૨૮ શોંપીગ સેન્ટર પાસે ઉભા રહેલા ઈમરાનને દચોબી લઈ પુછતાછ કરી હતી. જેમાં આરોપીએ જુલાઈમાં ગુનો નોંધાયો તે સમયથી નાસતો ફરતો હોવાનું જણાવ્યું હતું. સેકટર-૨૧ પોલીસ મથકને આરોપીને સોંપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



આજના યુગમાં માનવી ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓનો ઉપયોગ રોજીંદા જીવનમાં વધારતો જઈ રહ્યો છે અને સતત બદલાતી જતી ટેકનોલોજીના કારણે ઈલેકટ્રોનિકસ અને ઈલેકટ્રીકલ ચીજવસ્તુઓ એટલી જ ઝડપથી 'આઉટ ઓફ ડેટ' પણ થઈ રહી છે. આ સ્થિતિમાં નકામી થઈ ગયેલી ઈલેકટ્રોનિકસ કે ઈલેકટ્રિકલ ચીજવસ્તુઓ જેમાં મોબાઈલથી માંડીને કોમ્પ્યુટર સહિતનો સમાવેશ થાય છે તેનો 'ઈ-વેસ્ટ' વિશ્વભરમાં ચિંતાનું કારણ બનતો જઈ રહ્યો છે. આ 'ઈ-વેસ્ટ'નો યોગ્ય રીતે નિકાલ થાય અથવા તેને રી-યુઝ કરી શકાય તે અત્યંત જરૂરી બની રહ્યું છે. આ સંજોગોમાં સે-૨૩ના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ સહયોગી સંસ્થાનો સાથે મળીને 'દિવાળી ઈ-વેસ્ટ કલેકશન અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં એકઠી થયેલી ચીજવસ્તુઓનો પર્યાવરણને નુકસાન ના થાય તે ધ્યાનમાં રાખીને યોગ્ય નિકાલ અથવા તેને રી-યુઝ કરવામાં આવશે. આ અભિયાનને શહેરીજનોનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. કાંગસીયા સંદીપ કરશનભાઈ, ઉ.વ. ૧૪, સે-૨૮, છાપરાં, ગાંધીનગર
- સ્વ. પટેલ વિશાલકુમાર પ્રહલાદભાઈ, ઉ.વ. ૩૪, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ હરજીવનદાસ, ઉ.વ. ૮૦, પોસોજા, તા. કલોલ
- સ્વ. શ્રીમાળી બાલુબેન મોહનભાઈ, ઉ.વ. ૬૫, નાની કડી, તા. કડી, મહેસાણા
- સ્વ. શકરાજી વરસંગજી ઠાકોર, ઉ.વ. ૭૦, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. ભટ્ટ ચંપાબેન કનૈયાલાલ, ઉ.વ. ૮૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ જીવણભાઈ હરગોવનદાસ, ઉ.વ. ૭૪, કારોલી, તા. કલોલ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શૈલેશ રમણભાઈ પટેલ, ઉ.વ. ૪૫, સરગાસણ, તા. ગાંધીનગર